# Seventh Round of Foreign Office consultations between India and Chile ( 14 September, 2021 )

September 14, 2021

# ભારત અને ચિલી વચ્ચે વિદેશ મંત્રાલયની વાટાઘાટનો સાતમો રાઉન્ડ (14 સપ્ટેમ્બર, 2021 )

સપ્ટેમ્બર 14, 2021

ભારત અને ચિલી વચ્ચે 14 સપ્ટેમ્બર 2021ના રોજ સેન્ટિયાગો ખાતે સાતમી ફોરેન ઓફિસ કન્સલ્ટેશન્સ (એફઓસી) યોજાઈ હતી. ભારતીય પક્ષની આગેવાની રિવા ગાંગુલી દાસ, સેક્રેટરી (ઈસ્ટ)એ કરી હતી જ્યારે ચિલીનું પ્રતિનિધિત્વ કેરોલિના વાલ્ડિવિયા ટોરેસ, ચિલીના વિદેશ મંત્રાલયના ઉપ-મંત્રીએ કરી હતી.

2. એફઓસી દરમિયાન, બંને પક્ષોએ તેમના દ્વિપક્ષીય સંબંધોની સમગ્ર શ્રેણીની વ્યાપક સમીક્ષા કરી હતી જેમાં વેપાર અને રોકાણ, સંરક્ષણ, કૃષિ, આરોગ્ય અને ફાર્માસ્યુટિકલ્સ, ઉર્જા, અંતરિક્ષ, એન્ટાર્કટિકામાં સહકાર, આપત્તિનું વ્યવસ્થાપન, સાંસ્કૃતિક અને કોન્સ્યુલર મુદ્દાઓનો સમાવેશ થાય છે.

3. બંને પક્ષોએ કોવિડ -19ની પરિસ્થિતિ અને રોગચાળા પછીની આર્થિક પુન રિકવરીની પ્રાપ્તિમાં વેપાર અને રોકાણની ભાગીદારી વધારવાની શક્યતાઓ અંગે વિચારોની આપલે કરી હતી.

4. બંને પક્ષોએ સ્વીકાર્યું કે વેપાર એ ભારત-ચિલી વચ્ચેના સંબંધોનો મહત્વનો આધારસ્તંભ છે અને પ્રેફરન્શિયલ ટ્રેડ એગ્રીમેન્ટના વધુ વિસ્તરણ માટે ચાલી રહેલી વાટાઘાટો પર તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો, જેના પર 2006માં હસ્તાક્ષર થયા હતા અને 2017માં તેને વિસ્તારવામાં આવ્યા હતા.

5. બંને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્રમાં સહકાર સહિતના સામાન્ય હિત પર પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર મંતવ્યોની આપલે કરી હતી અને બહુપક્ષીય ક્ષેત્રમાં એકબીજા સાથે નજીકથી કામ કરવા સંમત થયા હતા.

6. આ મંત્રણા મૈત્રીપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી, જેમાં બંને પક્ષો સ્થાપિત દ્વિપક્ષીય પદ્ધતિઓ દ્વારા પરસ્પર હિતના ક્ષેત્રોમાં સંવાદની ગતિ જાળવવા સંમત થયા હતા. બંને પક્ષો એફઓસીનો આગલો રાઉન્ડ નવી દિલ્હીમાં યોજવા સંમત થયા.

**સેન્ટિયાગો**
**સપ્ટેમ્બર 14, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.